**Extra No. 10**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  FRIDAY, JANUARY 2, 2026 / PAUSHA 12, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨જી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૬૩)/ જીએસટી-૨૦૨૫/એસ.૯(૧)(૬૬)/જીએસટી સેલ.નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Goods and Services Tax Act, 2017**

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ**

**જાહેરનામું**

**નાણા વિભાગ**

**જાહેરનામું ક્રમાંક. ૧૪/૨૦૨૫-રાજ્ય વેરો (દર)**

ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંક. (જીએચએન-૬૩)/જીએસટી-૨૦૨૫/એસ.૯(૧)(૬૬)/જીએસટી સેલ:-** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા-કલમ (૧) અને કલમ ૧૫ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, જેનું વર્ણન સદરહુ અનુસૂચિની કોલમ (૩)માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે તેવા, સદરહુ અનુસૂચિની કોલમ (૨)માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ટેરિફની બાબત, પેટા-શીર્ષક, શીર્ષક અથવા યથાપ્રસંગ, પ્રકરણ હેઠળ આવતા માલના રાજ્યાંતર્ગત પુરવઠા પર નાખવામાં આવે તેવા, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ માલના સંબંધમાં રાજ્ય વેરાનો દર ૬ ટકા જાહેર કરે છે.

**અનુસૂચિ**

| **અનુક્રમાંક** | **ટેરિફની બાબત, પેટા-શીર્ષક, શીર્ષક અથવા પ્રકરણ** | **માલનું વર્ણન** |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | ૬૮૧૫ | ફ્લાય એશ બ્રિક્સ, ફ્લાય એશ એગ્રીગેટ; ફ્લાય એશ બ્લોક્સ |
| ૨. | ૬૯૦૧ ૦૦ ૧૦ | ફોસીલ મીલ અથવા તેના જેવી સિલિકાયુક્ત માટીની ઈંટ. |
| ૩. | ૬૯૦૪ ૧૦ ૦૦ | મકાન બાંધકામ માટેની ઈંટ |
| ૪. | ૬૯૦૫ ૧૦ ૦૦ | માટીની અથવા (મકાનનું) છાપરુ બનાવવા માટેની લાદી(ટાઇલ્સ) |

**સ્પષ્ટીકરણ.-** આ જાહેરનામાના હેતુઓ માટે,-

(ક) શબ્દસમૂહો "ટેરિફની બાબત", "પેટા-શીર્ષક", "શીર્ષક" અને "પ્રકરણ"નો અર્થ કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પ્રથમ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અનુક્રમે ટેરિફની બાબત, પેટા-શીર્ષક, શીર્ષક અને પ્રકરણ એ મુજબ થશે.

(ખ) કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પ્રથમ અનુસૂચિની કલમ અને પ્રકરણ નોંધો અને સામાન્ય સ્પષ્ટીકરણની નોંધો સહિત, સદરહુ અધિનિયમની પ્રથમ અનુસૂચિના અર્થઘટન માટેના નિયમો, આ જાહેરનામાના અર્થઘટન માટે, શક્ય હોય તેટલે સુધી લાગુ પાડી શકાશે.

(ગ) આ જાહેરનામામાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા પણ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા) અને સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ૧૩મા)માં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, તે અધિનિયમોમાં તેનો અનુક્રમે જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૨. આ જાહેરનામું સન ૨૦૨૫-ના સપ્ટેમ્બર મહિનાની ૨૨મી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. નિસર્ગ જોષી,**

સરકારના નાયબ સચિવ.

--------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 09:59:29 IST